ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ૨૦૨૩-૨૪ના અંદાજપત્રને તૈયાર કરવા નાણાં વિભાગમાં ધમધમાટ

## વિકાસ અને સામાન્ય માનવીની જરૂરિયાતો અને કલ્યાણને અગ્રતા આપવા પર ખાસ ભાર મુકાશે : સૂત્રો

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યના ૨૦૨૩-૨૪ના અંદાજપત્રને તૈયાર કરવાને લઈ નાણાં વિભાગ દ્વારા આ અંગેનો ધમધમાટ સચિવાલયમાં શરૂ કરી દેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૩૧મી ડિસેમ્બર સુધી દરેક વિભાગોને તેમની દરખાસ્તો તેમજ નવી બાબતો જે રજુ કરવા માગતા હોય તે અંગેની ટૂંકી નોંધ સાથે વિગતો મોકલી આપવા તાકીદ કરવામાં આવી છે.

આ સાથે જ વિભાગોમાં પણ ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન વિવિધ યોજનાકીય કામોમાં થયેલ ખર્ચ અને પ્રગતિ હેઠળના કામો સહિતની વિગતો અને સમીક્ષાની કામગીરી ચાલી રહી છે.

યોજનાકીય બાબતોમાં લક્ષ્યાંક સિદ્ધિ તેમજ જનકલ્યાણકારી યોજનાઓ પાછળ થયેલ ખર્ચના આંકડાઓ આખરી કરવાની કામગીરી હાલ દરેક વિભાગમાં ચાલી રહી છે. નવેમ્બરમાં યોજાયેલ વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ બજેટ તૈયાર કરવાની તેમજ તેની દરખાસ્તો સહિતની કામગીરીને હાલ વેગીલી બનાવવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા આ વખતે પંચાયત, પાણી પુરવઠા, નાગરિક પુરવઠા તેમજ સિંચાઈ યોજના અને શિક્ષણ વિભાગને વધુ રકમ ફાળવશે તેમ મનાઈ રહ્યુ છે.

કૃષિ વિભાગને પણ સારી એવી રકમ ફાળવવા ઉપરાંત ગ્રામ વિકાસની યોજનાઓને પણ નવા બજેટમાં રકમ ફાળવવામાં અગ્રતા અપાશે તેમ મનાઈ રહ્યુ છે. ખાસ કરીને આંતર માળખાકીય સુવિધાઓના સુદઢીકરણની સાથે સાથે પાટનગર યોજના તેમજ માર્ગ-મકાન વિભાગ પર પણ વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

રાજ્યના નાણાં વિભાગ દ્વારા યોજનાઓ બેવડાતી હોય તેવી યોજનાઓ અંગે પણ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. આ ઉપરાંત બિન કરપાત્ર આવકના સ્ત્રોતોમાં ક્યાં ક્યાં વધારો થઈ શકે તેમ છે તેને લઈ પણ ગંભીરતાથી વિચારણાઓ ચાલી રહી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

આગામી બજેટ વિકાસલક્ષી તેમજ સામાન્ય માનવીની જરૂરિયાતોને અગ્રતા આપતુ બનાવવામાં આવશે તેવા સંકેતો નાણાં વિભાગના સૂત્રો આપી રહ્યા છે.

# ચ-૩થી રોડ બંધ કરાતા ટ્રાફિકની સમસ્યા સર્જાઈ

## ચ-3 સર્કલથી ચ-રોડને બંધ કરાયો : ઘ-રોડ અને જ-રોડ પર સવારે અને સાંજે ઓફિસ છૂટવાના સમયે ખૂબ ટ્રાફિક રહે છે : ખાદ્ય ખોરાક પ્રદર્શનથી ટ્રાફિક વધ્યો




ગાંધીનગર, તા. ૧૫

છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીનગર શહેરમાં ટ્રાફિકની ભયંકર સમસ્યા નિર્માણ થઈ છે. મેટ્રોની કામગીરીના કારણે હવે ચ-૩ થી ચ-રોડને બંધ કરી દેવાતા ઘ-રોડ અને જ-રોડ પર ટ્રાફિકનું ભારણ વધ્યુ છે. ઓફિસ ટાઈમે સવારે અને સાંજે તો આ બંને રોડ પર ખૂબ ટ્રાફિક હોય જ છે પરંતુ હમણાં હમણાં ખાદ્ય ખોરાક પ્રદર્શનના કારણે પણ ટ્રાફિકમાં ખૂબ વધારો થયો છે.

ચ-રોડ પર મેટ્રો ટ્રેનની કામગીરી ખૂબ ઝડપભેર ચાલી રહી છે. મેટ્રોની કામગીરીના કારણે છેલ્લા ઘણા દિવસોથી ચ-રોડને બંધ કરી દેવાયો છે. ચ-રોડ પર માત્ર સેક્ટર-૮ સુધી આવી શકાતુ હતુ તે પછી સેક્ટર-૭ના આંતરિક માર્ગ પર ડાયવર્ઝન અપાયુ હતુ. પરંતુ આંતરિક માર્ગ પર

● અનુસંધાન પાન-૭ પર

# તાલુકા પંચાયતના પ્રમુખે તેમનુ રાજીનામુ પાછુ લીધુ

## પરિણામો પછી જિલ્લાની રાજનીતિના સમીકરણો બદલાયા : જાન્યુઆરીમાં ચૂંટણીઓની જાહેરાત થશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીના પરિણામો પછી રાજકીય સમીકરણો પુનઃ એકવાર બદલાયા છે અને ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ ગોપાળજી ઠાકોરે તેમનુ રાજીનામુ પરત ખેંચી લીધુ છે.

આગામી ફેબ્રુઆરી માસમાં તેની મુદત પૂર્ણ થઈ જવા રહી છે. ગોપાળજી ઠાકોરે ઓક્ટો. માસમાં પોતાના હોદ્દા ઉપરથી રાજીનામુ આપ્યુ હતુ. આ પછી જિલ્લા પંચાયત દ્વારા ચૂંટણીની આચારસંહિતાને લઈ રાજીનામુ મંજૂર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ ન હતી.

આ આચારસંહિતાની આડાશમાં ભાજપ હુકમનો એક્કો બનવામાં થાપ ખાઈ ગયુ અને તાલુકા પંચાયતના પ્રમુખે તેમનુ રાજીનામુ પરિણામો પછી પરત ખેંચી લીધુ છે. તાલુકા પંચાયતે આ અંગે વિધિવત્ જાણ જિલ્લા પંચાયતને પણ કરી છે. જિલ્લા પંચાયત દ્વારા આ અંગે ખાસ સામાન્ય સભા યોજવાની કાર્યવાહી હાથ ધરાય તે પહેલાં જ રાજીનામુ પરત ખેંચી લેતાં જિલ્લાના રાજકારણમાં વધુ એકવાર સમીકરણો બદલાયા છે. તાલુકા પંચાયત હાલ કોંગ્રેસ હસ્તક છે. કોંગ્રેસે પણ તાલુકા પંચાયતની ચૂંટણીને લઈ તેની કવાયત શરૂ કરી દીધી છે તો બીજી તરફ ભાજપના આગેવાનોએ પણ ગૃપ બેઠકો આરંભી જરૂર છે પણ તે ગુપ્ત રાહે ચાલ ચાલી રહેલ છે. તાલુકા પંચાયતની ચૂંટણી પહેલાં તાલુકા પંચાયતનું બજેટ રજુ કરવાની અને લોકો સુધી પહોંચવાની તૈયારીમાં કોંગ્રેસ વ્યસ્ત બનેલ છે. જાન્યુઆરીના મધ્યમાં ચૂંટણીઓ જાહેર થશે તેવી સંભાવનાઓ વચ્ચે તાલુકાના રાજકારણમાં વધુ એકવાર આયારામ ગયારામ અને મતોના ધ્રીવીકરણની રાજનીતિ જામશે તેમ મનાઈ રહ્યુ છે.

# શહેરમાં બનનારા બે અન્ડરપાસના પ્રોજેક્ટ હવે પડતા મુકાવાના સંકેતો

## મોંઘવારી અને વન વિભાગ સાથે સંકલનના અભાવનો મુદ્દો તેમજ કોરોના કાળ પણ જવાબદાર : ૨૦૨૦માં મંજૂર થયેલ ટેન્ડરનું કામ હજુ શરૂ થઈ શક્યુ નથી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં પંચદેવ-મંદિરથી સે. ૨૧ અને કડી સર્વ વિદ્યાલયથી સે. ૨૨માં આવવા માટે બે અન્ડરપાસ બનાવવાનું સ્વપ્ન રોળાઈ જવાની કતાર પર આવીને ઉભુ રહ્યુ છે.

આ બે અન્ડરપાસ માટે વૃક્ષોની કાપણી ન થઈ હોવાથી તેમજ બે વર્ષ પહેલા જારી કરાયેલ ટેન્ડર બાદ લોખંડ, સિમેન્ટ અને રો-મટિરીયલ્સના ભાવમાં થયેલા ધરખમ વધારા પછી હવે ટેન્ડર સ્ક્રેપ કરવુ પડે અથવા તો ભાવ વધારો મંજૂર કરવાની સ્થિતિ આવી છે.

આ મુદ્દે એજન્સીએ પણ રજૂઆત કરી છે કે જો કે સે. ૨૧માં જ્યાં માર્ગ ખોલવાનો થાય છે ત્યાં ૧૦૦થી વધુ વૃક્ષોની કાપણી કરવાની થાય છે. છેલ્લા ઘણા સમયથી વન વિભાગ અને મનપાના તંત્ર વચ્ચે સુયોગ્ય સંકલનના અભાવે ઘર્ષણની સ્થિતિ ઉભી થવા પામી છે તેથી હવે ટેન્ડર સ્ક્રેપ કર્યા સિવાય બીજો વિકલ્પ બચતો નથી.

વૃક્ષોની કાપણીને મુદ્દે વન વિભાગ હમણાં મંજૂરી આપવાનો મૂડ ધરાવતુ નથી. આ ઉપરાંત ટેન્ડર બહાર પડ્યાને પણ બે વર્ષ જેટલો સમય પસાર થઈ ગયો છે. જે રીતે લોખંડના ભાવમાં ૨૦૦ ટકાનો વધારો અને સિમેન્ટના ભાવમાં તોતીંગ વધારો થયો છે એટલે જુના ભાવે કામ કરવુ શક્ય નથી રહ્યુ.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે વન વિભાગ અને મનપાના તંત્ર વચ્ચે બેઠક થઈ હતી. જો કે આ બેઠકમાં કોઈ નક્કર નિર્ણય લેવામાં આવ્યો નથી.

આ પરિસ્થિતિમાં આગામી દિવસોમાં સ્થાયી સમિતિની બેઠકમાં નિર્ણય શું લેવાશે તે અંગેની કોઈ સ્થિતિ પણ સ્પષ્ટ નથી એથી આ બે અન્ડરપાસ બનાવવાની યોજનાનું બાળમરણ થશે તેવુ સ્પષ્ટ ચિત્ર ઉપસી રહ્યુ છે.

મોંઘવારીને પગલે મનપાના ટેન્ડરો પણ ઉંચા ભરાઈને આવી રહ્યા છે. રેલ્વે ઓવરબ્રીજનું ટેન્ડર પણ અંદાજ કરતાં ઉંચુ ભરાઈને આવ્યુ છે. આ ઉપરાંત અન્ય ટેન્ડરો પણ એસ.ઓ.આર.થી ઉંચા ભાવના આવી રહ્યા છે ત્યારે તંત્ર સામે પણ અનેક નવા પ્રશ્નો છે. આમ મોંઘવારીને લઈ હવે અન્ડરપાસની યોજના પણ ખોરંભે પડશે તેમ મનાઈ રહ્યુ છે.

# મધ્ય અને દક્ષિણ ઝોનની કચેરીઓ મનપાની જુની કચેરીમાં જ ૧લી જાન્યુ.થી કાર્યરત થશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મનપાના બે ઝોનની કચેરીઓ હવે મનપાની જુની કચેરીમાં જ કાર્યરત કરવા માટેના ચક્રો ગતિમાન થયા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં થયેલા વધારા પછી શહેરમાં પ્રશ્નો અને વિકાસના કામોને વેગીલા બનાવવા માટે મનપાના તંત્રને ત્રણ ઝોનમાં વિભાજીત કરવાનો નિર્ણય સત્તાધીશોએ લીધો હતો.

દિપાવલી પર્વોમાં ગાંધીનગરને ત્રણ ઝોન ઉત્તર ઝોન, મધ્ય ઝોન અને દક્ષિણ ઝોન એમ ત્રણ ઝોન ઉભા કરાયા હતા. આ પછી ઉત્તર ઝોન માટેની કચેરી પેથાપુરમાં, મધ્ય ઝોનની કચેરી મનપાની જૂની કચેરીમાં તેમજ દક્ષિણ ઝોનની કચેરી ખોરજ ખાતે ખોલવાના હુકમો કરાયા હતા.

દક્ષિણ ઝોનની કચેરી ખોરજ ખોલવાના નિર્ણયનો પ્રજાએ અને સત્તાધારી પક્ષમાં પણ વિરોધ થયો હતો. આંતર માળખાકીય સુવિધાઓ નથી તેમજ આખો દિવસ આ ઝોનની કચેરીએ જનાર માટે બગડે તેવી રજુઆતો થઈ હતી.

આ પછી ચૂંટણીની આચારસંહિતાનો અમલ શરૂ થયો હતો. જો કે આ દરમ્યાન પણ આના વિરોધમાં રજૂઆતોનો સિલસિલો યથાવત રહ્યો હતો.

વિરોધને ધ્યાને રાખી મનપાએ હવે મધ્ય ઝોન અને દક્ષિણ ઝોન એમ બન્ને કચેરીઓ મનપાના જુના સેવાસદનમાં જ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે ભોંયતળિયે તેમજ પ્રથમ માળ પર

● અનુસંધાન પાન-૭ પર

# કલેક્ટર પ્રવિણા ડી. કે. એ કચેરીનો રાઉન્ડ લઈ સમીક્ષા કરી

## કચેરીમાં બેસતા અધિકારીઓ અને શાખાઓની કામગીરી નિહાળી હતી અને કર્મચારીઓ અને અધિકારીઓ સાથે વાતચીત કરી હતી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી. કે. આજે જિલ્લા કલેક્ટર કચેરીની વિવિધ શાખાઓની મુલાકાત લઈ સૌને ચોંકાવી દીધા હતા.

તેમણે આજે કલેક્ટર કચેરીમાં બેસતા અધિકારીઓ અને શાખાઓની કામગીરી નિહાળી હતી એટલુ જ નહિ તેમણે વિવિધ શાખાઓની કામગીરીને લઈ પણ કર્મચારીઓ અને અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. તેમણે કચેરીની સ્વચ્છતા પણ ચકાસી હતી.

જિલ્લા કલેક્ટર તરીકેનો ચાર્જ સંભાળ્યા પછી તુરત જ વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાં તેઓ કચેરીની સમીક્ષા યોગ્ય રીતે કરી શક્યા ન હતા.

મળતી વિગતો પ્રમાણે તંત્રમાં ઉભી થયેલી મેન્ડક્સીથી તેઓ નારાજ થયા હતા. આ ઉપરાંત જિલ્લા કલેક્ટરની જગ્યા એક મહિના કરતાં વધુ સમય સુધી ચાર્જમાં રહી હતી તેથી સીએમ ડેશબોર્ડમાં પણ જિલ્લાની પ્રગતિ ઓછી જણાઈ હતી.

હવે તંત્ર ચૂંટણીઓ પતી ગયા પછી એક્શન મોડમાં આવી ગયેલ છે અને મેન્ડન્સી જે ઉભી થઈ છે તેને લઈ તેના નિકાલમાં ગતિ આવે તેના પર કલેક્ટર દ્વારા ભાર મુકવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે શુક્રવારે મહેસુલી અધિકારીઓની બેઠક પણ પ્રથમવાર મળનાર છે અને તેમાં આ બધી જ બાબતોને લઈ ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યુ છે.

દરમ્યાન જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર ભરત જોશીએ પણ આજે જિલ્લાના નાયબ મામલતદાર (મહેસુલ) તેમજ શિરસ્તેદારો સાથે બેઠક યોજી અને નોંધો અને તેના નિકાલની કામગીરી ઉપરાંત ફાઈલ મેનેજમેન્ટ સિસ્ટમ પર ચર્ચાઓ કરી માર્ગદર્શન આપી, પ્રજાભિમુખ વહીવટ બને તે પર ભાર મુક્યો હોવાનું જાણવા મળેલ છે.



શતાબ્દી સમારોહ - આજે બીજા દિવસે પ્રમુખ સ્વામી શતાબ્દી સ્થળે નિર્મિત કરાયેલ સ્વામિનારાયણ નગરની કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે મુલાકાત લઈ સંતવૃંદના આશીર્વાદ મેળવ્યા હતા. સમગ્ર કાર્યક્રમની દિવ્યતા અને ભવ્યતાને બિરદાવતા જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિની ઝલક જો કોઈને પણ જોવી હોય તો તેમણે એક વખત આ નગરની મુલાકાત લેવી જોઈએ...

# ચાર સેક્ટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસોનું રીનોવેશન કરાશે

## પાછળ ૧૫ કરોડનો ખર્ચ કરાશે : ગ, ઘ, ચ, છ અને જ-૨ કક્ષાના ૪૦૦ જેટલા મકાનોનુ મજબુતીકરણ કરાશે

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં રહેણાંકને લાયક આવાસોની સંખ્યા બહુ ઓછી છે. શહેરના સેક્ટરોમાં જોખમી મકાનો વધુ છે. જયારે એકબાજુ જુના આવાસો તોડીને જગ્યા ખુલ્લી થયા બાદ નવા મકાનો બાંધવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવે છે પરંતુ અગાઉ થયેલા સર્વેના અંતે કેટલાક બ્લોક હજુ મજબુત હોવાના લીધે આવા મકાનોને રીનોવેશન હેઠળ આવરી રહેણાંકને લાયક બનાવવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ અન્વયે શહેરના વિવિધ ચાર સેક્ટરોમાં જુદી જુદી કક્ષાના અંદાજિત ૪૦૦ જેટલા મકાનોનુ રીનોવેશન કરવામાં આવશે જેને અનુલક્ષીને રૂ ૧૫ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. શહેરમાં હાલની સ્થિતિએ અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો ભયજનક હાલતમાં છે. સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. ત્યારે સરકારી આવાસો મામલે તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. જેના લીધે આવાસોની ફાળવણીનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે. એકબાજુ જુના અને જર્જરિત આવાસો તોડીને નવા મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. જયારે આવાસોની ઘટ નિવારવા માટે અગાઉ થયેલા સર્વેને અનુલક્ષી જોખમી મકાનો તોડવા ઉપરાંત કેટલાક બ્લોક રીનોવેશન હેઠળ પણ આવરી લેવામાં આવ્યા છે. તંત્ર દ્વારા અગાઉ પણ સરકારી આવાસોનુ રીનોવેશન હાથ ધરવામાં આવ્યુ હતુ શહેરના સેકટરોમાં જોખમી મકાનો તોડી પાડવામાં આવ્યા બાદ જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. જયારે નવા આવાસો બાંધવા માટે સાઈટ પસંદગી પણ કરવામાં વિલંબ થતા હજુ સુધી વધુ ટાવર કોલોનીનુ નિર્માણ કરવા માટે જગ્યા આખરી થઈ નથી. બીજીતરફ સેકટરોમાં સર્વેના અંતે રીનોવેશન હેઠળ લઈ શકાય હોય તેવા બ્લોકને અનુલક્ષી વિવિધ કક્ષાના મજબુતીકરણ માટે પણ આયોજન કરાયુ છે. જે અન્વયે પાટનગર યોજના વિભાગ દ્વારા સે-૩૦, સે-૨૦, સે-૨૧ અને સે-૨૯ માં પણ વિવિધ કક્ષાના સરકારી આવાસોના રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવશે. જેમાં સે-૩૦ માં ચ અને જ- ૨ કક્ષાના ૧૧૭ મકાનોનુ રીનોવેશન કરાશે

● અનુસંધાન પાન-૭ પર

# ગૌચર વિકાસ બોર્ડમા કરોડોના ભ્રષ્ટાચાર આચરવાના કેસમાં આરોપીના જામીન નામંજુર

## ૧૩ ટ્રસ્ટો અને ૮૭ ગ્રામ પંચાયતોને કરોડો રૂપિયા ચુકવ્યા. : ગ્રામ પંચાયતોમા માત્ર કાગળ પર જ કામગીરી થઈ અને કરોડોનુ ચૂકવણુ કરાયુ. : નહી નોંધાયેલા ટ્રસ્ટોને પણ પૈસાની લહાણી કરાઈ હતી : ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડના તત્કાલીન મદદનીશ પશુપાલન નિયામક ડૉ શશીકાંત પટેલે હોદ્દાનો દુરુપયોગ કરી કરોડોનો ભ્રસ્ટાચાર કર્યો હતો

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરના જુના સચીવાલયમા આવેલા ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડના તત્કાલીન મદદનીશ પશુપાલન નિયામક ડો. શશીકાંત ડાહ્યાલાલ પટેલ દ્વારા હોદ્દાનો દુરૂપયોગ કરીને ગુજરાત રાજ્યમા આવેલ અલગ અલગ ૧૮ જીલ્લાઓમા ૧૩ ટ્રસ્ટો અને ૮૭ જેટલી ગ્રામ પંચાયતોને રૂ. ૧૦.૧૫ કરોડ રૂપીયા ચુકવી ભ્રષ્ટાચાર આચરવામા આવ્યો હતો. આ કેસ સંદર્ભે ગાંધીનગર એ.સી.બી. પોલીસ સ્ટેશનમા ગુનો દાખલ થયા બાદ ગાંધીનગર એ.સી.બી. ની ટીમ દ્વારા તત્કાલીન મદદનીશ પશુપાલન નિયામકની ધરપકડ કરીને કોર્ટમા રજુ કરાયા હતા ભ્રસ્ટાચાર કેસના મુખ્ય સુત્રધારને ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટ દ્વારા જ્યુડીશીયલ કસ્ટડીમા મોકલી દેવાયા હતા આ કેસની ચાર્જશીટ પોલીસે કોર્ટમા રજુ કરી દીધી છે.જયારે આરોપી શશીકાંત ડાહ્યાલાલ પટેલ ની જમીન અરજી ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટે નામંજુર કરી છે

રાજ્ય સરકારના બોર્ડ નિગમોમા ભ્રષ્ટાચારની ફરીયાદો વધી રહી છે ત્યારે થોડા સમય અગાઉ ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડનુ રૂ. ૧૦ કરોડ ઉપરાંતનુ કૌભાંડ ચર્ચામા રહ્યુ હતુ. ગૌચર વિકાસ બોર્ડના તત્કાલિન પશુપાલન નિયામક ડો. શશીકાંત ડાહ્યાલાલ પટેલે હોદ્દાનો દુરઉપયોગ કરીને તેમની સત્તા ન હોવા છતા અલગ અલગ ૧૮ જીલ્લાઓના ૧૩ ટ્રસ્ટો અને ૮૭ ગ્રામ પંચાયતોને આવા ટ્રસ્ટોનુ અસ્તિત્વ છે કે નહી તેમજ આવા ટ્રસ્ટો પબ્લિક ચેરીટી હેઠળ નોંધાયા છે કે નહી તેની ખાતરી કર્યા વગર ટ્રસ્ટીઓના મેળાપીપણામા સહાયના ચેકો ઉપર સહિ કરીને એકાઉન્ટમા રૂપિયા જમા કરાવ્યા હતા. આ મામલે તપાસ થતા ૧૩ ટ્રસ્ટો અને ૮૭ ગ્રામ પંચાયતોમા કોઈપણ પ્રકારે કામગીરી નહી થઈ હોવા છતા ખોટા અને બનાવટી બિલો ઉપર રૂપિયા ચૂકવીને રૂ. ૧૦.૧૫ કરોડનો ભ્રષ્ટાચાર થયો હોવાનુ બહાર આવ્યુ હતુ જેના પગલે ગાંધીનગર એ.સી.બી. પોલીસ સ્ટેશનમા ગુનો દાખલ થયો હતો. જે ગુના સંદર્ભે ગાંધીનગર એ.સી.બી. દ્વારા ગત તા ૧૮ જુલાઈ ના રોજ મુખ્ય

● અનુસંધાન પાન-૭ પર

# સગીરાનુ અપહરણ કરી દુષ્કર્મના કેસમાં આરોપીને ૧૦ વર્ષની કેદ

## ગાંધીનગરની પોક્સો કોર્ટે આરોપીને ૧૪ હજારનો દંડ ભોગવવા પણ આદેશ કર્યો

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરના ગોકુળપુરા વિસ્તારમાં સગીરાને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી ભગાડીને લઈ જઈ દુષ્કર્મ આચરવાના ગુન્હામાં ગાંધીનગર પોક્સો કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સજા તેમજ ૧૪ હાજરનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સે-૧૪ માં ગોકુળપુરા વિસ્તારમાં સગીર વયની દીકરીને અમદાવાદ સરસપુરનો આરોપી રવિ હરેશભાઈ પટણી તા ૨૮ જુલાઈ વર્ષ ૨૦૧૮ ના રોજ લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી ભગાડીને લઈ ગયો હતો જયારે ત્યારબાદ આરોપીએ સગીરાને દસક્રોઈ તાલુકાના નાંદજ ગામમાં ભાડાના મકાનમાં ગોંધી રાખી હતી. આ દરમિયાન તેણે સગીરાની મરજી વિરુધ્ધ શારિરીક સંબંધ બાંધ્યો હતો. આ મામલે ભોગ બનનાર સગીરાના પિતાએ સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ પોકસો એકટ હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી જયારે આરોપીની ધરપકડ કરીને કાર્ટમાં ચાર્જશીટ રજુ કર્યુ હતુ. આ કેસ ગાંધીનગરની પોકસો કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલો કરી હતી જેમાં તેમણે જણાંવ્યુ હતુ કે સમાજમાં આ પ્રકારના અનેક ગુન્હા નાંધાય છે. જયારે આ પ્રકારના ગુન્હા અટકે અને સમાજમાં દાખલો બેસે તે મુજબની સખત સજા કરવા માટે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ. સરકારી વકીલોની દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈ ગાંધીનગર પોક્સો કોર્ટના એડીશ્નલ સેસન્સ જજ એસ ડી મહેતાએ આરોપીને પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ ફ્રોમ સેક્યુઅલ ઓફેન્સ પોકસો ૨૦૧૨ ની કલમ ૪. ૬ ના ગુનામાં ૧૦ વર્ષની સજા ભોગવવા તેમજ રૂ ૧૪ હજારનો દંડ ભોગવવા માટે આદેશ કર્યો છે. વધુમાં આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૬ માસની કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | ASTRAL PIPES | PRINCE PIPING SYSTEMS | Jaquar experience bathing | DR. FIXIT | Birla White THE WHITEST WHITE CEMENT | VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com